**અમદાવાદ શહેરના સ્પે.પોકસો જજશ્રીની અદાલતમાં, મુ.અમદાવાદ,**
**અદાલત નં.૨૦ સમક્ષ.**

**સ્પેશીયલ કેસ (પોકસો) નં.૨૨૫/૨૦૨૨**
**સાથે**
**સ્પેશીયલ કેસ (પોકસો) નં.૨૬૦/૨૦૨૨**

**આંક–**

**ફરિયાદી** :– શ્રી સરકાર

**<u>વિરુધ્ધ</u>**

**આરોપી** :– ૧. મુકેશ જેતારામ છોગારામ રાવ (ઢોલી)
રહે. વનટાઉન માર્કેટ, પહેલો માળ,
સંજયભાઈ કુમાર પ્રજાપતિનાઓના મકાનમાં,
બેગ્લોર રેલ્વે સ્ટેશનની પાસે, બેગ્લોર, કર્ણાટક
મુળ વતન– ડાંગરા ગામ, ભીલોકા વાસ,
થા.બિસનગઢ, તા.સાયલા, જી.ઝાલોર, રાજસ્થાન

૨. પ્યારકી ઉર્ફે પ્યારી રમેશકુમાર શંકરજી રાવ (ઢોલી)
રહે. રબારીઓનો વાસ, ગલી નં.૨,
ગોગરા ગામ, થાના–તખતગઢ,
તા.સુમેરપુર, જી.પાલી, રાજસ્થાન

**ગુનો:–** **<u>ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૬૮, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૧૧૪ તથા પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ</u>**

**<u>સેકસ્યુઅલ ઓફેન્સ એકટ–૨૦૧૨ ની કલમ–૩, ૪, ૫(એલ), ૬ મુજબ.</u>**

**<u>રજુઆતઃ</u>**–

સરકાર તરફે વિધ્વાન મદદનીશ સરકારી વકીલ શ્રી એચ.આર.શાહ

આરોપીઓ તરફે વિધ્વાન વકીલ શ્રી એ.એસ.ગૌતમ

–: **<u>ચુકાદો</u>** :–

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં.૧ તથા આરોપી નં.૨ નાઓએ એકબીજાની મદદગારી કરી તા.૩૦.૬.૨૦૨૨ ના રોજ સવારના ૧૧.૦૦ વાગે ફરીયાદીના ઘર આગળથી ફરીયાદીની સગીર વયની દીકરી ભોગ બનનાર ઉંમર ૧૪ વર્ષ અને ૭ માસનીને ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણતા હોવા છતા લલચાવી, ફોસલાવી, લગ્ન અથવા જારકર્મ કરવાના ઈરાદે અપહરણ કરી ભગાડી રાજસ્થાન ખાતે લઈ જઈ તા.૪.૭.૨૦૨૨ સુધી તમો આરોપી નં.૧ એ તેમના ડાંગરા ગામ રાજસ્થાન મુકામે તમારા ઘરમાં લઈ જઈ ભોગ બનનાર સાથે બે વખત શરીર સબંધ બાંધી બળાત્કાર કરી આરોપી નં.૧ ને આરોપી નં.૨ એ ગુનો કરવામાં મદદગારી કરી આ કામના આરોપીઓ વિરુધ્ધ ઉપરોકત હકીકતે એરપોર્ટ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૧૧૯૧૦૪૬૨૨૦૪૩૭/ ૨૦૨૨ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૩, ૪, ૫(એલ), ૬ મુજબનું ચાર્જશીટ કરેલ.

(૨) જેથી હાલના આરોપીઓ વિરુધ્ધ ઉપરોકત હકીકતે તપાસ બાદ ગુનો ચલાવવાની સત્તા સેશન્સ અદાલતને હોઈ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ અને આ કામ અત્રેની કોર્ટને એલોટ થયેલ છે.

(૩) સદરહું કામે આરોપીઓને પોલીસ પેપર્સની નકલ આપવામાં આવેલ તેની ખાત્રી કરી અને આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૩, ૪, ૫(એલ), ૬ મુજબના ગુના સબબ આરોપી નં.૧ સામે આંક–૧૦ થી તહોમતનામું ફરમાવી વાંચી, સંભળાવી, સમજાવી આંક–૧૧ થી આરોપીનો જવાબ લેતાં આરોપીએ ગુનો કબુલ ન હોવાનું જણાવેલ તેમજ આરોપી નં.૨ સામે આંક–૧૨ થી તહોમતનામું ફરમાવી વાંચી, સંભળાવી, સમજાવી આંક–૧૩ થી આરોપીનો જવાબ લેતાં આરોપીએ ગુનો કબુલ ન હોવાનું જણાવેલ અને પોતાની વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરતાં આ કામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ આ કામ પુરાવા માટે રાખવામાં આવેલ. ફરીયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

| સાહેદ નંબર | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | સલોચનાબેન મુકેશભાઈ બારોટ | ૧૯ |
| ૨ | ભોગ બનનાર | ૨૧ |
| ૩ | રશ્મીન રમણભાઈ દેસાઈ | ૩૦ |

(૫) ફરિયાદપક્ષ ધ્વારા આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા માટે આંક–૫ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરવામાં આવેલ છે. જે દસ્તાવેજી પુરાવો રજુ થવા પામેલ છે તે નીચે પ્રમાણે છે.

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૯ | ફરીયાદ |
| ૨ | ૨૧ | ભોગ બનનારનું કલમ–૧૬૪ મુજબનું નિવેદન |
| ૩ | ૨૩ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ |
| ૪ | ૨૪ | ભોગ બનનારના કપડા કબજે કર્યાનુ પંચનામુ |
| ૫ | ૨૫ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ |
| ૬ | ૨૬ | આરોપીના કપડા કબજે કર્યાનુ પંચનામુ |
| ૭ | ૨૭ | ભોગ બનનારનુ સારવાર સર્ટીફીકેટ |
| ૮ | ૨૮ | આરોપીનુ સારવાર સર્ટીફીકેટ |
| ૯ | ૩૧ | ચાર્જ અમલદારનો રીપોર્ટ |
| ૧૦ | ૩૨ | ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રની નકલ |
| ૧૧ | ૩૩ | ભોગ બનનારની જન્મ તારીખ ખરાઈ અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી આપવામાં આવેલ પ્રમાણપત્ર |
| ૧૨ | ૩૪ | એફએસએલનો પત્ર |
| ૧૩ | ૩૫ | એફએસએલનો તથા સીરોલોજી વિભાગનો અહેવાલ |
| ૧૪ | ૩૬ | એફએસએલનો પત્ર |
| ૧૫ | ૩૭ | એફએસએલનો તથા સીરોલોજી વિભાગનો અહેવાલ |
| ૧૬ | ૩૮ | જન્મ મરણ નોંધણી અધિકારીને જન્મ પ્રમાણપત્રની ખરાઈ માટે લખેલ પત્ર |
| ૧૭ | ૩૯ | મુદ્દામાલ રવાનગી નોંધ |
| ૧૮ | ૪૦ | મુદ્દામાલ રવાનગી નોંધ |
| ૧૯ | ૪૧ | ભોગ બનનારનું કલમ–૧૬૪ મુજબનુ નિવેદન લેવા માટેની યાદી |
| ૨૦ | ૪૨ | ભોગ બનનારનું કલમ–૧૬૪ મુજબનુ નિવેદન લેવા |

| | | |
|---|---|---|
| | | માટેની યાદી |
| ૨૧ | ૪૩ | ભોગ બનનારનું કલમ-૧૬૪ મુજબનુ નિવેદન લેવા માટેની યાદી |
| ૨૨ | ૪૪ | એફએસએલની પહોંચ |
| ૨૩ | ૪૫ | એફએસએલની પહોંચ |

(૬) આમ, ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો પુરો થતાં ફરિયાદપક્ષે વધુ મૌખિક પુરાવો આપવો નથી તે બાબતની પુરાવો પુરો થયાની પુરસીસ આ કામે આંક-૪૬ થી આપવામાં આવેલ છે અને ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૭) આમ ફરિયાદપક્ષ તરફે જે પુરાવો પડેલ છે તે અંગે આરોપીઓને બચાવ અંગે વાજબી તક મળી રહે તે માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ હેઠળ આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ જણાવેલ છે કે તેઓ જાણતા નથી અને વિશેષમાં એવુ જણાવેલ છે કે તેઓ વિરુધ્ધ પુરતા પુરાવા ન હોવા છતાં પોલીસે ખોટી રીતે સંડોવેલ છે અને તેઓ નિર્દોષ છે.

(૮) ત્યારબાદ ફરિયાદપક્ષે વિધ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી શાહે પોતાની મૌખિક દલીલો કરતાં જણાવેલ છે કે, ફરિયાદપક્ષે કુલ ૩ સાહેદો તપાસેલા છે. તેમજ ૨૩ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. મદદનીશ સરકારી વકીલશ્રીએ વધુમાં દલીલો કરતાં જણાવેલ છે કે પોલીસ સાહેદના પુરાવાના આધારે આરોપીઓ વિરુધ્ધનો કેસ પુરવાર થયેલ હોઈ આરોપીઓને સજા કરવી જોઈએ તેવી રજુઆત કરેલ છે.

**(૯)** આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રીએ પોતાની મૌખિક દલીલો કરતાં જણાવેલ છે કે ભોગ બનનારના માતા, ભોગ બનનાર ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા નથી. આ તમામ સાહેદો ફરી ગયેલા છે. તેઓ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોઈ તેઓ હોસ્ટાઈલ જાહેર થયેલા છે. હોસ્ટાઈલ જાહેર થયેલા સાહેદોની એ.પી.પી.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. આમ, આ કામના આરોપીઓ સામેનો આરોપ નિઃશંકપણે સાબિત કરવામાં ફરિયાદપક્ષ સંપુર્ણપણે નિષ્ફળ નીવડેલ છે. આ કામમાં તપાસ કરનાર અધિકારીએ જે પુરાવો આપેલ છે તેમની ફરજના ભાગરુપે કરેલ કાર્યવાહી મુજબ પુરાવો આપેલ છે અને તપાસ કરનાર અધિકારીના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત ન થતુ હોય ત્યારે તેમનો પુરાવો નિરર્થક બની જાય છે. જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માગંણી કરેલ છે.

**(૧૦)** બંને પક્ષની દલીલ તેમજ રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં આ કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા</u>**

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં.૧ તથા આરોપી નં.૨ નાઓએ એકબીજાની મદદગારી કરી તા.૩૦.૬.૨૦૨૨ ના રોજ સવારના ૧૧.૦૦ વાગે ફરીયાદીના ઘર આગળથી ફરીયાદીની સગીર વયની દીકરી ભોગ બનનાર ઉંમર ૧૪ વર્ષ અને ૭ માસનીને ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી

ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણતા હોવા છતા લલચાવી, ફોસલાવી, લગ્ન અથવા જારકર્મ કરવાના ઈરાદે અપહરણ કરી ભગાડી રાજસ્થાન ખાતે લઈ જઈ તા.૪.૭.૨૦૨૨ સુધી તમો આરોપી નં.૧ એ તેમના ડાંગરા ગામ રાજસ્થાન મુકામે તમારા ઘરમાં લઈ જઈ ભોગ બનનાર સાથે બે વખત શરીર સબંધ બાંધી બળાત્કાર કરી આરોપી નં.૧ ને આરોપી નં.૨ એ ગુનો કરવામાં મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૩, ૪, ૫(એલ), ૬ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૧૧)** ઉપરોકત મુદ્દાના નિર્ણયો મારા માટે નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

–: **<u>કા ર ણો</u>** :–

**<u>મુદ્દા નં.૧ અને ૨ ની સંયુકત ચર્ચા:</u>–**

રજુ થયેલ પુરાવો તેમજ બંને પક્ષકારોની મૌખિક દલીલો ધ્યાને રાખી પુનરાવર્તન નિવારવા મુદ્દા નં.૧ અને ૨ ની સંયુકત ચર્ચા કરી સંયુકત નિર્ણય આપેલ છે.

**(૧૨)** સદર કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે કુલ જુદા જુદા ૩ સાહેદોને તપાસેલા છે તથા કુલ ૨૩ દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખેલ છે.

સદર કામે આરોપીઓ ધ્વારા પોતાના બચાવના અનુસંધાને કોઈ બચાવના સાહેદ તપાસેલા નથી કે પોતાની જાતને સોગંદ ઉપર તપાસેલા નથી. એટલે કે આરોપીઓનું જે વિશેષ નિવેદન લેવામાં આવેલ છે તેમાં આરોપીઓએ ફરિયાદપક્ષ તરફથી જે પુરાવો રેકર્ડ ઉપર આવવા પામેલ છે તેને નકારી કાઢેલ છે.

**(૧૩)** સદર કામે જે ફરિયાદપક્ષ તરફથી જે જુદા જુદા સાહેદો તપાસેલા છે તે સાહેદોના પુરાવાનું કલાસીફીકેશન કરવામાં આવે તો તેમાં ભોગ બનનાર, ભોગ બનનારના માતાનો પુરાવો તથા તપાસ કરનાર અધિકારીશ્રીનો પુરાવો મહત્વનો ગણી શકાય.

**<u>ભોગ બનનાર તથા સગા–સબંધીઓનો પુરાવો</u>**

**(૧૪)** આ કામે ફરિયાદપક્ષે સાહેદ નં.૧ તરીકે સલોચનાબેન મુકેશભાઈ બારોટને આંક–૧૯ થી તપાસેલા છે. જેઓ આ કામના ફરીયાદી તથા ભોગ બનનારના માતા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે તેઓ તેમના પરિવાર સાથે રહે છે અને પાંચ બાળકો છે, ભોગ બનનાર દીકરીની જન્મ તારીખ તથા બનાવ સમયે ઉંમર કેટલી હતી તે ચોકકસ યાદ નથી અને આંક–૨૦ વાળી ફરીયાદમાં પોતાના અંગુઠાનું નિશાન ઓળખી બતાવે છે. આ સાહેદ કે જેઓ બનાવમાં ભોગ બનનારના માતા છે તેઓ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ આ સાહેદને એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવાની પરવાનગી માંગતા જે પરવાનગી આપતાં આ સાહેદની ઉલટ તપાસ દરમિયાન પણ ફરિયાદપક્ષ કોઈ ફળદાયી હકીકત કઢાવી શકેલ નથી અને બનાવનો સંપુર્ણપણે ઈન્કાર કરેલ છે.

આ સાહેદની આરોપીઓ તરફે થયેલ ઉલટ તપાસ વંચાણે લઈએ તો પોલીસે ફકત નામ સરનામુ પુછેલ તે સિવાય કોઈ હકીકત જણાવેલ નહીં. તેમની દીકરીએ બનાવ અંગેની કોઈ હકીકત જણાવેલ નહીં. આરોપી તેમની દીકરીને કયાંય ભગાડીને લઈ ગયેલ નથી કે કોઈ દુષ્કર્મ કરેલ નથી.

આ સાહેદ કે જેઓ ભોગ બનનારના માતા છે તેમના પુરાવાથી પણ એ સ્પષ્ટ થતું નથી કે તેમની ભોગ બનનાર દીકરીને આ કામના આરોપીઓ અપહરણ–અપનયન કરી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ જઈ તેની સાથે સંભોગ કરેલ હોય તેવી કોઈ હકીકત જણાવતા નથી. આ સાહેદ કે જેઓ ભોગ બનનારના માતા છે તેમના પુરાવાથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળતું નથી.

**(૧૫)** વધુમાં આ કામે ફરિયાદપક્ષે સાહેદ નં.૨ તરીકે ભોગ બનનારને આંક–૧૬ થી તપાસેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે તે તેના પરિવાર સાથે રહે છે અને પાંચ ભાઈ–બહેન છીએ, જન્મ તારીખ ચોકકસ યાદ નથી તેમજ બનાવ સમયે ઉંમર કેટલી હતી તે પણ ચોકકસ યાદ નથી તથા પોલીસ સમક્ષ કપડા રજુ કરેલાનું, ડોકટર સમક્ષ હીસ્ટ્રી આપેલાનું કે મેજીસ્ટ્રેટ રુબરુ નિવેદન આપેલાનું ચોકકસ યાદ નથી પરંતુ આંક–૨૨ વાળા કલમ–૧૬૪ ના નિવેદનમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદ કે જે બનાવમાં ખુદ ભોગ બનનાર છે તે ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોઈ આ સાહેદને એ.પી.પી.શ્રી ધ્વારા હોસ્ટાઈલ જાહેર કરવાની પરવાનગી માંગતા જે પરવાનગી આપતા તેની ઉલટ તપાસ દરમિયાન પણ ફરિયાદપક્ષ કોઈ ફળદાયી હકીકત કઢાવી શકેલ નથી.

આ સાહેદની આરોપીઓ તરફે થયેલ ઉલટ તપાસ વંચાણે લઈએ તો પોલીસે ફકત નામ સરનામુ પુછેલ. આરોપી કયાંય ભગાડીને લઈ ગયેલ નથી કે કોઈ દુષ્કર્મ આચરેલ નથી.

આમ આ કેસના સૌથી મહત્વના સાહેદ ભોગ બનનારના પુરાવાથી ફરિયાદપક્ષના કેસને કોઈ જ સમર્થન મળેલ નથી તેથી વિરુધ્ધ આરોપીઓ કયાંય ભગાડીને લઈ ગયેલ નહીં કે દુષ્કર્મ કરેલ નહીં અને જન્મ તારીખ યાદ નથી તેવુ જણાવે છે. વધુમાં ભોગ બનનારે સોગંદ ઉપર ફરીયાદમાં જણાવેલ કોઈ બનાવ તેઓની સાથે ફરીયાદ આપતા સમયે બનેલ હોય તેવી કોઈ હકીકત જણાવતા નથી. આરોપીઓ ભોગ બનનારને તેનાં માતાના કાયદેસરના વાલીપણામાંથી અપનયન કે અપહરણ કરી લગ્ન કરી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી ગયેલ હોય તેવા કોઈ ગુનાના તત્વો આકર્ષાતા નથી.

## <u>પોલીસ સાહેદનો પુરાવો</u>

**(૧૬)** આ કામે ફરિયાદપક્ષે સાહેદ નં.૩ તરીકે રશ્મીન રમણભાઈ દેસાઈને આંક–૩૦ થી તપાસેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે તેઓ ૨૦૨૨ ના વર્ષમાં પીઆઈ તરીકે એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરજ પર હતા ત્યારે તા.૬.૮.૨૦૨૨ ના રોજ ફરીયાદીની ફરીયાદ સાથી કર્મચારીએ લખી લીધેલી જે આંક–૨૦ વાળી ફરીયાદમાં તથા આંક–૩૧ વાળા ચાર્જ અમલદારના રીપોર્ટમાં તેમના સાથી કર્મચારીની સહી ઓળખી બતાવે છે. વધુમાં સાહેદ આંક–૩૨ થી ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રની નકલ તપાસના કામે સામેલ રાખેલ તથા આંક–૨૩, ૨૫ વાળા બનાવવાળી જગ્યાના પંચનામામાં અને

આંક–૨૪ વાળા ભોગ બનનારના કપડા કબજે કર્યાના પંચનામામાં તથા આંક–૨૬ વાળા આરોપીના કપડા કબજે કર્યાના પંચનામામાં પંચોની તથા પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ આંક–૩૩, ૩૮ વાળા ભોગ બનનારના જન્મ તારીખની ખરાઈ અંગેનુ પ્રમાણપત્ર તપાસના કામે સામેલ રાખેલ. વધુમાં સાહેદ આંક–૩૪ વાળો એફએસએલનો પત્ર તથા આંક–૩૫ વાળા એફએસએલ તથા સીરોલોજી વિભાગનો અહેવાલ તથા આંક–૩૬ વાળો એફએસએલનો પત્ર તથા આંક–૩૭ વાળા એફએસએલ તથા સીરોલોજી વિભાગનો અહેવાલ તપાસના કામે સામેલ રાખેલ તેમજ આંક–૩૯, ૪૦ વાળી રવાનગી નોંધમાં પોતાની સહી ઓળખી બતાવે છે તથા આંક–૪૧ થી ૪૩ વાળા કલમ–૧૬૪ ભોગ બનનારના નિવેદન લેવાની યાદીમાં પોતાની સહી ઓળખી બતાવે છે તથા આંક–૪૪, ૪૫ વાળી એફએસએલની પહોંચ તપાસના કામે સામેલ રાખેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ અને આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ અને આરોપીને ઓળખી બતાવે છે.

આ સાહેદની આરોપીઓ તરફે થયેલ ઉલટ તપાસ વંચાણે લઈએ તો ભોગ બનનારનું ફકત નામ સરનામુ પુછેલાનો, પંચનામા જાતે તૈયાર કરી પંચોની સહી લીધેલાનો, આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલાનો તથા સ્વતંત્ર સાહેદોના નિવેદન નહીં લીધેલાનો ઈન્કાર કરેલ છે. આમ આ સાહેદે જે કોઈ કાર્યવાહી કરેલ છે તે પોતાની ફરજના ભાગરુપે કરેલ છે. અન્ય સાહેદોનો પુરાવો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો હોય ત્યારે આ પોલીસ સાહેદનો પુરાવો સમર્થનમાં માની શકાય. પરંતુ જો અન્ય સાહેદોનો પુરાવો

સમર્થનકારી ન હોય ત્યારે પોલીસ સાહેદનો પુરાવો ગૌણ બની જાય છે અને તેમના પુરાવા ઉપરથી આરોપીઓને સજા થઈ શકે નહીં તેવુ અત્રેની કોર્ટનું માનવુ છે.

**(૧૭)** આ કામે ફરીયાદપક્ષ તરફે ભોગ બનનાર સગીર વયના છે તે પુરવાર કરવા માટે આંક–૩૨ થી જન્મના પ્રમાણપત્રની નકલ રજુ કરેલ છે. સદર સર્ટીફીકેટ જોતા તેમાં ભોગ બનનારની જન્મ તા.૨૮.૧૧.૨૦૦૭ દર્શાવેલ છે. પરંતુ આ કામે ભોગ બનનારના જન્મના પ્રમાણપત્ર ઈશ્યુ કરનારને આ કામે તપાસવામાં આવેલ નથી. તેમ છતાં આંક–૩૨ વાળુ ભોગ બનનારનું જન્મનુ પ્રમાણપત્ર જોતા તે ઝેરોક્ષ નકલ છે પરંતુ ફરીયાદીએ ખોટી રીતે ઉપજાવી કાઢેલ હોય તેવુ જણાતુ નથી અને આરોપી પક્ષે તેવો કોઈ સ્પેશીફીક બચાવ લેવામાં આવેલ નથી. જેથી આ ઝેરોક્ષ નકલમાં ભોગ બનનારની જે જન્મ તારીખ દર્શાવેલ છે તે ખરી હોવાનું જણાય આવે છે. જેથી બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની છે તેવુ સ્પષ્ટપણે ફલીત થાય છે.

**(૧૮)** આ કામે ભોગ બનનારને આ કામના આરોપીઓ તેમના વાલીની સમંતિ વગર અપહરણ કરીને લઈ ગયા અંગેનો આક્ષેપ ફરિયાદપક્ષે કરેલો છે ત્યારે આ કામે ભોગ બનનારની સમગ્ર જુબાની જોવામાં આવે તો ભોગ બનનાર કબુલ કરે છે કે તેની સાથે ફરીયાદમાં જણાવેલ કોઈ પણ જાતનો બનાવ બનેલ નથી અને આરોપીઓ તેને કોઈ પણ જગ્યાએ લઈ ગયેલ નથી. ભોગ બનનારે ડોકટર રુબરુ કોઈ હીસ્ટ્રી આપેલ હોય અને પોલીસ સમક્ષ કપડા રજુ કરેલ હોય તેવુ જણાવેલ નથી. આ જ પ્રકારનો પુરાવો ભોગ બનનારની માતાએ પણ આપેલ છે

અને તેમના નિવેદનને સમર્થનકારી પુરાવો આપેલ નથી. આ કામે ભોગ બનનાર અને તેની માતા બન્ને સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને સરકાર તરફે વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં ફરીયાદપક્ષને મદદરુપ થાય તેવી કોઈ હકીકત બહાર કાઢવામાં સફળ થયેલ નથી. ઉલ્ટાનુ આરોપીઓ તરફે થયેલ ઉલટ તપાસમાં આ બન્ને સાહેદો સમગ્ર બનારને નકારી કાઢેલ છે અને ભોગ બનનારને આરોપીઓ કોઈ જગ્યાએ ભાડીને લઈ ગયેલ નથી કે કોઈ દુષ્કર્મ કરેલ નથી.

**(૧૯)** વધુમાં આ કામેના રેકર્ડ ઉપર જે કોઈ પુરાવો રજુ થયેલ છે તેમાંથી ભોગ બનનારનો પુરાવો ખુબ જ મહત્વનો અને પાયારુપ ગણી શકાય. ભોગ બનનારનું અપનયન લગ્ન બાહય સબંધો માટે આરોપીઓ ધ્વારા લલચાવી–ફોસલાવીને કરવામાં આવેલું હોય તેવી હકીકત માત્ર અને માત્ર ભોગ બનનાર જણાવી શકે. આ કામે રજુ થયેલા તમામ સાહેદોના મૌખિક પુરાવાને ધ્યાને લઈએ તો ભોગ બનનારને આરોપીઓ લઈ જતા હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. ફરિયાદીની જુબાનીમાંથી પણ આરોપીઓ ભોગ બનનારને લઈ ગયેલા હોય તેવું તેમણે જોયેલું હોય રેકર્ડ ઉપર આવતું નથી. આરોપીઓએ તેને લલચાવી–ફોસલાવી હોય અને તેની સાથે લગ્ન કરવા અથવા લગ્ન બાહય સબંધ રાખવા તેણીને પોતાની સાથે લઈ ગયેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપરથી જણાઈ આવતી નથી.

**(૨૦)** આ કામે ભોગ બનનારની આંક–૨૧ ની સોગંદ ઉપરની જુબાનીને ધ્યાને લઈએ તો ભોગ બનનાર આખા બનાવને સમર્થન કરતા ન હોવાથી તેઓને

ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. ભોગ બનનાર એવુ કયાંય જણાવતા નથી કે આરોપીઓ તેને ભગાડી ગયેલ કે કોઈ દુષ્કર્મ કરેલ. આમ ભોગ બનનારે આરોપી સાથે શારીરિક સબંધ બંધાયેલ હોવાનુ નકારેલ છે. ભોગ બનનારે ડોકટર રુબરુ આપેલ હીસ્ટ્રી મુજબ આરોપીએ ભોગ બનનાર સાથે શારીરિક સંભોગ કરેલો. પરંતુ તે ભોગ બનનારની મરજીથી કરવામાં આવેલો. ભોગ બનનારની સાથે કોઈ જબરજસ્તીથી આરોપીએ કૃત્ય કરેલું નથી. હવે જયારે ભોગ બનનાર જ એવુ જણાવતા હોય કે તેને હીસ્ટ્રી આપેલ હોય તે ચોકકસ યાદ નથી અને કોર્ટ સમક્ષની સોગંદ ઉપરની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવતા ન હોય કે આરોપીઓ સાથે ગયેલ છે અને આરોપીઓએ કોઈ દુષ્કર્મ કરેલ છે. ત્યારે બળાત્કાર કર્યા અંગેનો કેસ આગળ વધતો ન હોય તે અંગે વિશેષ ચર્ચા કરવી યોગ્ય જણાતી નથી.

**(૨૧)** આ કામે પોલીસે તપાસની કાર્યવાહી દરમ્યાન પંચનામાઓ કરેલ છે. આ કામે પોલીસની કાર્યવાહીને ધ્યાને લઈએ તો ફરિયાદ નોંધવી, ગુનો નોંધવો વિગેરે બાબતો ક્રીમીનલ પ્રોસીજર કોડની જોગવાઈ અન્વયે તપાસ એજન્સીએ યોગ્ય રીતે કરેલાનું જણાઈ આવે છે. આ કામે તપાસ કરનાર અધિકારીને આંક–૩૦ થી તપાસેલા છે. તેઓએ પોતાની તપાસની કાર્યવાહી દરમિયાન જુદા જુદા સાહેદોના નિવેદનો મેળવેલા છે અને મેડીકલ સેમ્પલો મેળવી એફ.એસ.એલ.માં તપાસણી અર્થે મોકલેલા છે તે બાબતને પોતાના પુરાવામાં જણાવેલ છે. આ કામે ભોગ બનનાર જ પોતાની જુબાનીમાં સીધા પુરાવા ધ્વારા પોતાના આરોપી સાથે શારીરિક સબંધ થયેલ હોવાની બાબતને સ્વીકારતા નથી. ભોગ બનનાર તથા ભોગ બનનારની માતા સોગંદ ઉપરની જુબાનીમાં જાતે જ સ્વેચ્છાએ જયારે એવુ

જણાવતા હોય કે તે આરોપીઓ સાથે ગયેલ નથી ત્યારે આરોપીઓએ ભોગ બનનારનું અપહરણ કે અપનયન કરેલાની હકીકત પુરવાર થતી નથી. ત્યારે બળાત્કાર કર્યા અંગેનો કેસ આગળ વધતો ન હોય અને જયારે ભોગ બનનારને આરોપીઓ કયાંય લઈ ગયેલ ન હોય ત્યારે ભોગ બનનાર સાથે બળાત્કાર થવા અંગે વિશેષ ચર્ચા કરવી યોગ્ય જણાતી નથી. આમ ઉપરોકત તમામ હકીકત, સંજોગો અને પુરાવા ધ્યાને લેતા ફરીયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવેડલ હોય ત્યારે શંકાનો લાભ હંમેશા આરોપીઓને મળવો જોઈએ તેવાં સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>આ ખ રી હુ ક મ</u>**

(૧) આ કામે આરોપી નં.૧ મુકેશ જેતારામ છોગારામ રાવ (ઢોલી) તથા આરોપી નં.૨ પ્યારકી ઉર્ફે પ્યારી રમેશકુમાર શંકરજી રાવ (ઢોલી) ને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૩, ૪, ૫(એલ), ૬ મુજબના ગુના સબંધે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે પુરતા પુરાવાને અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓ જામીન ઉપર મુકત હોઈ તેઓના જામીનખત આથી રદ કરવામાં આવે છે.

(૩) ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીઓ વિરુધ્ધ જો અપીલ થાય તો આરોપીઓની હાજરી અપીલ કોર્ટ ખાતે સીકયોર્ડ

કરવા માટે દરેક આરોપીએ રૂ.૧૦,૦૦૦/- (અંકે રુપિયા દસ હજાર પુરા) ના જાત જામીન તથા તેટલી જ રકમના સધ્ધર જામીન લેવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો અપીલ સમય પુરો થયા બાદ નાશ કરવો તેવો હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદાની એક સર્ટીફાઈડ નકલ રજીસ્ટ્રીએ સ્પે. પોકસો કેસ નં.૨૬૦/૨૦૨૨ નાં કામે મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદો આજરોજ તારીખ ૨૭ માહે માર્ચ સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યો.

(સીતાબેન આઈ. તારાણી)
ખાસ ન્યાયાધીશ (પોકસો),
સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ
અદાલત નં.૨૦,
અમદાવાદ શહેર.
યુનીક કોડ નં.જીજે૦૦૫૯૬

P.P.SAKHARELIYA